REGISTEI

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND
CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

L XXXXI ] FRIDAY, 28TH JANUARY, 2000/ MAGHA 8, 1921 [No. 4

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

ART-II • EXTRAORDINARY

## સુરત મહાનગરપાલિકા

### <u>નગર રચના યોજના, સુરત નં.૩૮ (નાના –વરાછા) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

### અધિસુચના

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી.

દક્ષિણે : મોજે સીમાડાનો સીમાડો

પૂર્વે : મોજે સરથાણાનો સીમાડો

પશ્ચિમે : ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત.
તા:૨૭ -૦૧-૨૦૦૦

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**<u>નગર રચના યોજના, સુરત નં.૩૯ (ઉધના-લીંબાયત) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>**

## અ ધિ સુ ચ ન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૩૩ (કુંભાલ)ની હદ

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૪૦ (લીંબાયત-ડીંડોલી)ની હદ

પૂર્વે : સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે પરવટગામની હદ

પશ્ચિમે : નગર રચના યોજના,સુરત નં. ૭ (આંજણા) તેમજ ઉધના રેલ્વે યાર્ડની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત.
તા: ૨૭-૦૧-૨૦૦૦

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

# ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડ

## ગાંધીનગર

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ના નિયમ-૫ મુજબ.

**મુસદ્દારૂપ વિકાસ-યોજના પ્રસિદ્ધિ આપવા બાબત.**

**અ ધિ સૂ ચ ન**

ગાંધીનગર શહેર તથા આજુબાજુના ગામોના સુઆયોજીત વિકાસ માટે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૨-૩-૯૬ના જાહેરનામા ક્રમાંકઃ-જીએચ/ વી/ ૪૯ ઓફ ૧૯૯૬/ યુડીએ-૧૦૯૬-૧૨૩-કે થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટાકલમ-(૧), (૨) તથા (૪) અન્વયે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળે તેના વિસ્તારનો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ અન્વયે વિકાસ-નકશો તૈયાર કરેલ છે અને સત્તામંડળની તા.૨૧-૧-૨૦૦૦નારોજની બોર્ડબેઠકના ઠરાવક્રમાંકઃ-૨૫(૯૯-૨૦૦૦)થી મંજૂર કરવામાં આવેલછે. તે મુસદ્દારૂપ વિકાસ-યોજનાની દરખાસ્ત નીચે દર્શાવેલ અનુસૂચિની વિગતો સાથે સરકારશ્રીમાં અધિનિયમની કલમ-૯ હેઠળ કચેરીના તા.૨૫-૧-૨૦૦૦ના પત્રથી સાદર કરેલ છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ની પેટાકલમ-(૧) અનુસાર ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ આથી નોટીસ આપે છે કે, રાજયપત્રમાં વિકાસ-નકશાના મુસદ્દાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર, તેના સંબંધમાં કોઈ વ્યક્તિ/ સંસ્થા પાસેથી લેખિત વાંધાસુચનો મળે તેવા કોઈ વાંધા અને સુચનો સત્તામંડળ વિચારણામાં લેશે.

**અ નુ સૂ ચિ**

૧ઃગાંધીનગર શહેરી વિકાસ વિસ્તારની મુસદ્દારુપ વિકાસ યોજનાની દરખાસ્તના ભાગ-૧ (સર્વેઝ, સ્ટડી અને એનાલીસીસ) જેમાં મુસદ્દારુપ વિકાસ નકશા બાબતમાં કરેલ સર્વેની વિગતો ધ્યાને લેવામાં આવેલ છે. તથા ભાગ-૨ (પોલીસીઝ, પ્રપોઝલ અને પ્રોગ્રામ) જેમાં મુસદ્દારુપ વિકાસ -નકશામાં સમાવિષ્ટ જમીનોના સુચિત ઉપયોગ અને વિકાસ યોજનાના મુસદ્દાથી શહેરી વિકાસ સત્તામંડળ ઉપર કોઈ જવાબદારીને, જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યુ હોય તેવું નિવેદન અને સાર્વજનિક હેતુઓ માટે અલાયદી રાખેલી જમીનના સંપાદનમાં થતા ખર્ચાનો આશરે અંદાજ દર્શાવેલ છે.

૨: નકશાઓ :-

ક:-ગાંધીનગર શહેરી વિકાસ વિસ્તારમાં હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો.
(શીટ નંગ-૧ :સ્કેલ ૧ સે.મી.= ૩૨૦ મીટર)

ખ:-ગાંધીનગર શહેરી વિકાસ વિસ્તારમાં હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો.
(શીટ નંગ-૩૮ :સ્કેલ ૧સેમી. =૮૦ મીટર)

ગ:-ગાંધીનગર શહેરી વિકાસ વિસ્તારનો સુચિત વિકાસ યોજનાની દરખાસ્તને દર્શાવતો નકશો.
(શીટ નંગ-૧ :સ્કેલ ૧સેમી.= ૩૨૦મીટર)

ઘ:-ગાંધીનગર શહેરી વિકાસ વિસ્તારનો સુચિત વિકાસ યોજનાની દરખાસ્ત દર્શાવતો નકશો.
(શીટ નંગ-૩૮ :સ્કેલ ૧સેમી.= ૮૦મીટર)

૩: મુસદ્દારૂપ સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો
(જી.ડી.સી.આર. ભાગ-૩)

(અ)વિકાસ યોજનાના મુસદ્દાની જોગવાઈઓનો અમલ કરવા માટે.

(બ)કોઈ જમીનનો વિકાસ કરવા માટેની પરવાનગી, યથાપ્રસંગ શહેરી વિકાસ સત્તામંડળ પાસેથી કેમ મેળવવી તે રીત સમજાવતી દરખાસ્ત.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદ્દારુપ વિકાસ-નકશાની નકલ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની નીચે દર્શાવેલ કચેરીમાં કચેરીના સમયે લોકોને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

( ડો. મંજૂલા સુબ્રહ્મણ્યમ)
અધ્યક્ષ
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ.

મુખ્ય કારોબારી અધિકારી,
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ,
ગાંધીનગર.

કચેરીનું સ્થળ:-
ગાંધીનગર નોટીફાઈડ એરીયા કચેરી,
ગ્રાઉન્ડ ફ્લોર, બ્લોક નં.૪,
ડો.જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.